ગુજરાત સમાચાર, ગાંધીનગર આવૃત્તિ પેજ નં.- ૦૨.
તારીખ :- ૧૨/૦૩/૨૦૨૬.

અમદાવાદ મેટ્રો ફેઝમાં વધુ ૧૦ ટ્રેનસેટ્સ આવશે

# ગાંધીનગર-અમદાવાદ કોરિડોરના મુસાફરો માટે ટ્રેનની ફ્રિકવન્સી વધશે

ગાંધીનગર, બુધવાર

અમદાવાદ ગાંધીનગર કોરીડોરમાં ૬૮ કિલોમીટર જેટલું મેટ્રો નેટવર્ક કાર્યરત છે. ત્યારે સરકાર દ્વારા મુસાફરોને વધુ સુવિધા મળી શકે તે માટે નવા ટ્રેનસેટ્સ માટે ઓર્ડર આપવામાં આવ્યા છે. જેના પગલે આગામી દિવસોમાં અમદાવાદ ગાંધીનગર વચ્ચે વધુ ૧૦ ટ્રેન સેટસ આવશે. જેથી મુસાફરોના પરિવહન માટે ટ્રેનની ફ્રિકવન્સી વધી જશે.

## હાલમાં ૩૨ ટ્રેન દ્વારા મુસાફરોને સેવા પૂરી પાડવામાં આવી રહી છે : રાહ જોવાનો સમય ઘટશે

સરકારે ૩૪ અત્યાધુનિક મેટ્રો ટ્રેનસેટ્સ માટે ઓર્ડર આપ્યો છે, જેમાં અમદાવાદ મેટ્રો ફેઝ-૨ માટે ૧૦ ટ્રેનસેટ અને સુરત મેટ્રો માટે ૨૪ ટ્રેનસેટનો સમાવેશ થાય છે. અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ્સ ફેઝ-૧ અને ફેઝ-૨ શરૂ કરવામાં આવ્યા છે અને અમદાવાદ-ગાંધીનગરના અસંખ્ય મુસાફરો મેટ્રો ટ્રેનનો લાભ મેળવી રહ્યા છે. અમદાવાદ મેટ્રો ફેઝ-૨ હેઠળ અમદાવાદ-ગાંધીનગર કોરિડોરમાં ૬૮.૨ કિમી મેટ્રો નેટવર્ક કાર્યરત છે, જેમાં હાલમાં ૩૨ ટ્રેનસેટ્સ સેવામાં છે. તેમાં વધુ ૧૦ ટ્રેનસેટ્સનો ઉમેરો થવાથી મુસાફરોના પરિવહન માટે ફ્રીકવન્સી વધી જશે, ટ્રેનો માટે રાહ જોવાનો સમય ઘટશે અને મુસાફરોને વધુ સારી સુવિધા મળી રહેશે. આગામી દિવસોમાં આ ટ્રેનસેટસ ગાંધીનગર અમદાવાદના મેટ્રો રૂટ ઉપર જોડાશે. જેના પગલે સ્થાનિક મુસાફરોને પણ અવરજવર કરવામાં સરળતા મળી રહેશે.